સાલ : ૧૯ / સિલસિલાવાર નંબર : ૧૬૩ / શુમારો : ૧
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
ફુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. મોહર્રમુલ હરામ - સફરૂલ મુઝફ્ફર ૧૪૪૩ / ઓગસ્ટ - સપ્ટેમ્બર ૨૦૨૧

# કબરમાંથી ઝિંદા થાવું

આસ્માન માંથી વરસાદનું વરસવું તે અલ્લાહતઆલાની રહેમત માંથી છે અને આ રહેમત આવા બાદ ઝમીનમાંથી તરહ-તરહની ચીઝો નિકલવી, ઉગવી અને પૈદા થાવી તે તેની નેઅમતો માંથી છે. પહેલે રહેમત થાય છે અને પછી નેઅમત નમુદાર થાય છે. રસૂલુલ્લાહ બાવાજી અને આપની આલે અત્હર આ દુનિયામાં અલ્લાહતઆલાના નુમાઈંદા તરીકે રહેમત બનીને પધારા અને પછી આપને માનનાર મુમેનીન-મુખ્લેસીન વાસ્તે સવાબો અજરની બેમિસાલ અબદી-અઝલી નેઅમતો અતા કરવાનો અલ્લાહતઆલાએ વાઅદો આપો.

રહેમત આવતા પહેલા લોગોની દિલોની ઝમીન સુકી, ખુશ્ક અને બંજર હોય છે. **રહેમત થઇ નથી કે ઝમીન લીલી થઇ નથી.** મુડદા ઝમીનને દોબારહ નવેસરથી ઝિંદગી બખ્શવા અલ્લાહતઆલા તેના ઉપર આસ્માની પાની વરસાવે છે. નવું પાની વરસવાના સબબ તે ઝમીનમાં પોશીદા તાકત બાહર આવે છે અને ઝમીનની નેઅમતો નુમાયા થાય છે. ઝમીન કુલ્લી તૌરથી કબર છે. મૈયેત થયેલા સેંકડો જિસ્મોના ઝર્રાત ઝમીનમાં મિલેલા છે. મૈયેત થયેલું જિસ્મ જે ઝમીનમાંથી નિકલેલું હોય છે, તેમાં જઇને પાછું મિલી જાય છે. જિસ્મની અસલ જગા ઝમીન છે અને નફ્સની અસલ જગા આસ્માન છે.

**બરકાતે હુસૈનીયત સાથે સાલે નૌ મુબારક**

**હિ. ૧૪૪૩ નું નવું વરસ કારેઈનને મુબારક થાય. હર સાલના ઈબ્તેદામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) હમ મુમેનીનને હક્કપરસ્તી અને ફિદાગીરીનો પૈગામ આપે છે. કૌમો મિલ્લતની ખિદમત કરવી અને તેને આફતો વબાથી બચાવવી હર જવાનની ઝિમ્મેદારી છે. હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની હિદાયત અને દોઆથી અલ્લાહતઆલા હમને આ સાલ વબા-મરઝથી મહેફૂઝ રાખે અને રોઝીની તંગદસ્તીને દૂર કરે અને અહલે વલામાં દિલશાદી અને આબાદીનો સૂરજ તુલૂઅ કરે. આમીન.**

જેમ ઝમીન વીરાન હોય છે, તેમ કબર પણ વીરાન હોય છે. તેમાં દહેશત, વહેશત, ખૌફ, અંધારૂં અને ગુંગલાપણ હોય છે. વરસાદનું પાની તે વીરાન ઝમીનને તરો તાઝા અને હરીભરી કરી દે છે. અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બત વીરાન કબર વાસ્તે વરસાદના પાની જેમ કામ કરે છે અને તે વહેશતનાક કબર, ગુઝરનાર મુમિન વાસ્તે તમક્કુન-બખ્શ જગા બની જાય છે. કબરમાં છુપેલા મૈયેત લોગો મરેલા બિલકુલ નથી, મગર તેઓ અલ્લાહતઆલાની કુદરતથી ઝિંદા છે. **કોઇ સવાબના ગહેવારામાં છે તો કોઇ અઝાબના ખાડામાં છે.** કેયામત આવશે અને તે હક્ક છે. તે દિન મૈયેતોને એમની કબરોમાંથી ઉઠાવવામાં આવશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌ. જિબ્રઈલ (અ.સ.) ને પૂછ્યું કે, “મને બતાવો કે, અલ્લાહતઆલા યૌમે કયામત કબરોમાંથી કઈ તરહ મૈયેતોને ઉઠાવશે ?” જિબ્રઈલ આપને એક કબરના નઝદીક લઈ ગયા અને કહ્યું કે, “અય કબરના સાહેબ ! અલ્લાહના હુક્મથી તું તારી કબરમાંથી બાહર નિકલ !” એક મરદ કબરમાંથી બાહર નિકલો અને બોલો કે, “આહ રે ! અફસોસ, અફસોસ !” જિબ્રઈલે પૂછ્યું કે, “તારી હાલત આ તરહ શું કામ છે ? કબરમાં તું કોઈ

(બકીયાહ પેજ નં. ૮ પર)

**લોગો વાસ્તે ઝાહિરી જિસ્માની ઝીનત છે અને તમારા વાસ્તે બાતિની નફસાની ઝીનત છે.**

## દરસે કુરઆને કરીમ

### સૂરતુલ બકરહ : આયત : ૩૪, ૩૫ અને ૩૬

**આયત ૩૪ : હવે જે વક્ત હમેં ફરિશ્તાઓને કહ્યું કે, મૌ.આદમ વાસ્તે સજદો કરો, તો સઘલાએ સજદો કીધો મગર ઇબ્લીસે ઇન્કાર કીધો, તકબ્બુરી કીધી અને એ કુફ્ર કરનારાઓ માંથી હતો.**

સજદો ઈતાઅત છે, તાબેઅ થાવું છે, ઝુકવું છે, સોંપવું છે, ઈકરાર કરવો છે, રઝામંદ થાવું છે, હર હાલમાં કુબૂલ કરવું છે. સજદો ઈન્સાનની તકબ્બુરીને મિટાવી દે છે અને એની અસ્લીયત તરફ વાલી દે છે. પૈશાની અને નાક પર ઈન્સાનની ટેક અને હું-પણું હોય છે. જો આ બેવે અલ્લાહતઆલાના ફરમાન પર ઝુકી જાય તો એના નઝદીક એની ઝમીની પૈદાઈશની હકીકત સામે આવી જાય છે.

મૌ. આદમ અલ્લાહના નબી અને ખલીફા મુકર્રર થયા. તમામે આપની નુબૂવત અને દાઅવત કુબૂલ કરીને ફરિશ્તાઈ સીરત ઈખ્તિયાર કીધી. મગર આ લોગોમાં એક એવો પણ હતો કે, જે નાફરમાન થયો, તકબ્બુરી કીધી. પોતાની ઝાતને મૌ.આદમ કરતા ઊંચી સમઝી. ગુરૂર કરીને પોતાની મ્હોટાઈમાં પડી ગયો. આ હારિસ બિન મુર્રહ હતો. જન્નત રૂપી દાઅવતે હક્કથી ખારિજ કરવામાં આવો. રહેમતે ખુદાથી ના ઉમ્મીદ થયો, દૂર થયો, ફૈઝે ઈલાહીથી મુન્કતેઅ થયો, તેથી એ ઈબ્લીસ અને શયતાન કહેવાયો. સજદો તે દાઅવતે હક્કને કુબૂલ કરવાની નિશાની છે, જે ઈબ્લીસે ના કીધો અને એ લાઅનતી થયો.

**આયત ૩૫ : અને હમેં કહ્યું કે, અય આદમ ! તમેં અને તમારી ઝૌજહ જન્નતમાં વસો અને રાહતો ઇત્મિનાનથી તમેં જહાઁથી ચાહો વહાઁથી તમેં જન્નતમાંથી જમો અને આ દરખ્તને નઝદીક ના થાવ, નહીં તો તમેં ઝુલ્મ કરનારાઓ માંથી થઇ જાશો.**

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "અલ્લાહ કોઈ ચીઝનો કોઈ જાન ઉપર ઝુલ્મ કરતા નથી મગર ખુદ લોગો નાફરમાની કરીને પોતાની જાનો ઉપર ઝુલ્મ કરે છે." આ આયતની માઅના એ થઈ કે, અલ્લાહના ફરમાનને ઝુટલાવી દેવું અને એવો અમલ કરવો કે, જે હુક્મે ઈલાહીને ખિલાફ હોય, તો તે ઝુલ્મ છે. અલ્લાહતઆલા તેની મખ્લૂકાતના હર ફર્દ સાથે ઈન્સાફ જ કરે છે. મગર ઈન્સાન એના બદઈરાદા અને બદ અમલના સબબ એ ઝાલિમ બની જાય છે.

મૌ.આદમ અને આપના ઝૌજહ મૌ.હવ્વાને અલ્લાહતઆલાએ જન્નતમાં વસાવા. જન્નતની નેઅમતો મુબાહ કીધી. જે ચાહે તે જમવાની રઝા આપી. મગર એક દરખ્ત એવું પણ હતું કે, તેને કરીબ થાવાની ઈજાઝત ન હતી. શયતાનની મકરબાઝીથી તે દરખ્તથી કરીબ થાવાની ખતા મૌ.આદમથી થઈ ગઈ. **ગુનાહ થાવાના સબબ મૌ.આદમ પર તૌબા ફરઝ થઇ ગઇ.** મૌ.આદમે પોતાની ઝાત પર ઝુલ્મ કીધો અને તેની ભરપાઈ કરવા આપ આ દુનિયામાં જિસ્માની આલમમાં પધારા.

**આયત ૩૬ : પછી ફિસલાવા-ફસાવા શયતાને તે બેવે મૌ.આદમ અને મૌ.હવ્વાને, પછી અલ્લાહતઆલાએ તે બેવેને જન્નતમાંથી નિકાલા કે જે જગા તેઓ વસેલા હતા. અને હમેં કહ્યું કે, નીચે પડો તાકે તમેં એકબીજાના દુશ્મન થાવ અને તમારા વાસ્તે છે ઝમીનમાં ઠહેરવાની જગા અને એક મુકર્રર વક્ત તક ફાયદો લેવું.**

ઈતાઅતમાં, હુકમરવાઈમાં ફસાદ પૈદા થાય તો અમલ પડી જાય છે. જે સબબથી આમ થયું તેમાં અલ્લાહની નારાઝગી હોય છે અને શયતાન ખુશ થાય છે. શયતાન પોતાના મકરથી, બનાવટથી, નાપાકીથી દુશ્મની પૈદા કરે છે. દાઅવતે હક્ક તે એક આઅલા જન્નત છે. આ દાઅવતમાં દાખિલ થઈને તેમાં વસનારા મુમેનીન હમેશા જન્નતીઓ છે (બકીયાહ પેજ નં. ૧૧ પર)

**લોગો વાસ્તે ઝાહિરી ઈબાદત છે અને તમારા વાસ્તે બાતિની વલાયત છે.**

# પુરસો અને મહેરમદારી

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"કુલ્લો નફસિન ઝાએકતુલ મૌત"**, યાઅની, હર નફ્સ મૌતનો મઝા ચાખનાર છે. કોઇ પણ નફ્સ આનાથી બરી નથી. મગર નફ્સ એક તરહની હોતી નથી. હર નફ્સ સાથે તેના અમલ જોડાયેલા હોય છે. આ જહાનમાં કોઈ એક વક્ત પર અલ્લાહતઆલા પોતાના ફઝલો કરમથી કોઇ એક નફસને પૈદા કરે છે, જે તમામ કરતા પાકીઝા, અફઝલ અને કામિલ હોય.

આ નફ્સને મૌત તો આવે જ છે પણ તેના અમલ તમામ ખલ્ક કરતા બરતર હોવાના સબબ અલ્લાહતઆલા તેને એ શરફ બખ્શે છે કે, તે બેશુમાર નફસોને સાચવી શકે છે, પોતાનો ઝુમ્રો બનાવી શકે છે અને નજાતના રસ્તે લગાવી શકે છે. પાકીઝા નફસ જ નાપાક બદઅમલ નફસને પાક કરી શકે છે. આ નફસે મુત્મઈન્નહ યા નફસે ઝકીયહ યા નફસે રાઝીયહ, તે નબી-વસીની નફસે ખાસ હોય છે. આ નફસનો ખમીરો નબીના દૌરના ઈમામોમાં ઉતરે છે. આ તમામ ઈમામો, નબી-વસીની મુજબ માઅસૂમ હોય છે. લેહાઝા એમની નફસ પર **જહાનના લોગો કરતા મુસીબત, અલમ, ગમ, ઇમ્તેહાન અને ઝુલ્મ ઝિયાદહ થાય છે.** તેઓને ઝાલિમ બાદશાહો, બેવફા લોગો, બહાનેબાઝ અસ્હાબ, બીજા મઝહબના લોગોની સતામણી નો બેહદ સામનો કરવો પડે છે.

આ ઝુલ્મ અને મુસીબતના સબબ કોઈ વક્ત ઈમામ શહીદ થાય છે યા બેવતન થાય છે યા હિજરત કરે છે યા સતરમાં થઈ જાય છે. સૈયેદુશ્શોહદા મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) જામે શહાદતથી મુશર્રફ થયા, આપ બેવતન-ગરીબુલ વતન થયા અને મદીનાથી દૂર કરબલાની ઝમીનને પોતાનો મકામ બનાવો, આપે આપના કુંબા સાથે હિજરત ફરમાવી અને આપના બાદ આપની આલે અત્હરમાં દૌરે સતરની ઈબ્તેદા થઈ. **આપ આપની શહાદતના ઝરીએ કેયામત તક આ જહાનમાં આવનાર આપના મુમેનીન ની નફસોને છોડાવી ગયા.** જહન્નમની આગથી છોડાવવું પણ એક એવી નેઅમત છે, જેને અલ્લાહતઆલાએ આપને બખ્શી છે. આપની શહાદત બાદ આપના દોઆત હર ઝમાનમાં આ નેઅમતને ઝિંદા કરે છે.

આ નેઅમત કઈ છે ? તે માતમ, આહો ઝારી અને અશ્કફિશાની ની નેઅમત છે. હમેં હમારા કરાબતદાર, ઘરવાલા, પડોશી યા દિલનશીન લોગોની રહેલતમાં રોઈએ છે, ગમગીન થઈએ છે અને એની જુદાઈ બરદાશ્ત કરી શકતા નથી. આ તો આમ લોગોની વાત થઈ, મગર જો હમારી નફસના આઝાદ કરાવનાર હમારા ઈમામ પર ઝુલ્મ થાય, મજબૂર કરવામાં આવે, ભુખ-પ્યાસની મુસીબત નાખવામાં આવે, અહલે બૈતને કત્લ કરવામાં આવે, ખૈમાઓને બાલવામાં આવે, કૈદ કરવામાં આવે, બેગૌરો કફન મૈયેતને રનમાં તરછોડવામાં આવે, હર મંઝિલ પર સૈયેદાતને રૂસ્વા કરવામાં આવે, તો આપનો ગમ હમારા વાસ્તે કેટલો અઝીમ હોવો જોઈએ.

આ ગમ એક નેઅમત છે, જે હમારા મઝલૂમ ઈમામ સાથે વાબિસ્તા છે. આ ગમના ઈઝહાર કરવામાં અલ્લાહતઆલાએ હમારા વાસ્તે જન્નત ની ઝમાનત લખી આપી છે. **આ ગમે હુસૈન વાસ્તેની નાનામાં નાની ખિદમત તે હમારા વાસ્તે સબીલુલ બરકાત છે, પુરસો છે, મહેરમદારી છે.** હમારી નફસની નજાતના લેહાઝથી હમેં હમારા ઈમામના મહેરમદાર છે. ઈમામ અને દોઆત હમારા રૂહાની વાલેદૈન છે અને આપની ગમખ્વારી તે ખુદ હમારા અહલની ગમખ્વારી છે.

દાઈએ હુસૈન આકા મૌલા (ત.ઉ.શ.), મજલિસે હુસૈની આરાસ્તા કરે છે કે, હમેં હુસૈનીઓ હમારા ઈમામે હક્કને દાઈએ હક્કના ઝરીએ હમારા નફસોને આઁસૂઓમાં ડૂબોવીને, હમારા સીનાઓ-હાથો-ઝબાનોને **"યા હુસૈન"** ના બલંદ નારાઓથી બરકત આપીને મહેરમદારીનો બહેતરમાં બહેતર હક્ક અદા કરીએ. હમેં હમારા ઈમામે હક્ક

(બકીયાહ પેજ નં. ૪ પર)

**લોગો વાસ્તે ઝાહિરી દુનિયા છે અને તમારા વાસ્તે બાતિની આખેરત છે.**

(પેજ નં. ૩ નું બાકી)

સાથે કરબલામાં આપની ખિદમતમાં તો ના જઇ શકા, તે હમારા કિસ્મતમાં ન્હોતું, મગર એટલું તો ઝરૂર કરી શકીએ છે કે, આપના દાઈ જે જગા આપની મજલિસ બરપા કરે, તે જગા પર આપની ઝિક્ર-મસાઇબ સાંભલીને આપ પર આઁસૂ જારી કરીને આપની એક અદના ખિદમત કરી શકીએ.

હમેં હુસૈની મુમેનીન છે. હમારા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને આપના નવાસા આકા હુસૈન (અ.સ.) ખૂબ અઝીઝ હતા, લેહાઝા હમારા માંથી જે આકા હુસૈન ના ગમને ખુદનો ગમ સમઝે એ નબી સાહેબની નઝરમાં અઝીઝ છે, મહેબૂબ છે. ગમે હુસૈનમાં કોઇ બંદા આઁસૂને જારી કરે અને આકા હુસૈનની હક્કાનીયતની માઅરેફત રાખે એના વાસ્તે જન્નતના મહેલો તૈયાર છે અને **આ આઁસૂ તે ફક્ત આઁસૂ નથી, મગર તેની કદર મોતીઓ કરતા કમ નથી.** આમ તો આઁસૂ પાનીનો એક કતરો છે મગર તે આઁસૂ આકા હુસૈનની મુસીબત-શહાદત યાદ કરીને આઁખમાંથી જારી થાય તે લાકીમત છે, દુર્રતે સમીનહ છે યા તેના કરતા ઝિયાદહ છે.

સદફ-છીપમાં જે સાફ મોતી બને છે તે કઇ તરહ બને છે ? આસ્માનથી વરસાદનું મીઠું પાની નાઝિલ થાય છે, તે કતરાને દરિયાઇ સદફ સમાવી લે છે અને ખારા પાનીથી તે કતરાની હિફાઝત કરે છે. અલ્લાહની કરિશ્માઇથી એક મુદ્દત બાદ તે કતરો મોતીની શિક્લે નૂરાનીમાં તબ્દીલ થઇ જાય છે. આ જ મિસિલ અઝાદારાને હુસૈનના આંસૂઓની કૈફીયત છે. શું દુનિયાના લોગો રોતા નથી ? ઝરૂર, રોઇ છે. **તે તમામ ખારા પાનીના દરિયા મુજબ છે.** મગર હુસૈની મુમિનનું એક આંસૂ તે વરસાદી મીઠા પાનીના એક કતરા મુજબ છે, જે એના વાસ્તે આખેરતમાં એક ખૂબસૂરત મોતી બની જાય છે.

પુરસા અને મહેરમદારી અદા કરવા હમેં કઇ આકા હુસૈન પર અહેસાન નથી કરતા, પણ જે જગા પર દાઇએ હક્ક, આકા હુસૈનની શહાદતની ઝિક્ર ફરમાવે છે તે જગાની હર શય રોઇ છે. આસ્માનના ફરિશ્તા માતમ કરે છે, જિન્નાતની જમાઅત માતમ કરે છે, ઝમીનના પત્થરો માતમ કરે છે, દરખ્તોના પત્તાઓ માતમ કરે છે. હર જાનદાર-ગૈર જાનદાર ચીઝ માતમ કરે છે. ઓસામહ બિન ઝૈદ, મૌ.ઉમ્મે સલમહથી રિવાયત બયાન કરે છે કે, "જે વક્ત આકા હુસૈન કત્લ થયા તો **આસ્માનથી ખૂન રવાઁ થયું, ખૂનની બારિશ થઇ,** જેના સબબ તમામ ઘરોની દીવારો લાલ થઈ ગઇ યહાઁ તક કે, તમામને ખૌફ પૈદા થયો કે, હમણા કોઇ મોટો અઝાબ આવશે !"

મોહંમદ બિન યૂસુફ બયાન કરે છે કે, આકા હુસૈન જે વક્ત શહીદ થયા તો આસ્માનથી ખૂનનો વરસાદ વરસો અને હર જગા ખૂનથી તર-બ-તર થઇ ગઇ. મૌ.ઉમ્મે સલમહ તે દિન આપના એક ખાદિમને કહે છે કે, મારા ફરઝંદ હુસૈન દશ્તે કરબલામાં મઝલૂમ થઈને કત્લ થયા છે કેમકે, જે દિન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) આ દુનિયાથી રહેલત ફરમાવી ગયા હતા તે દિન મૈં જિન્નાતના નૌહા સાંભલા હતા. પછી કોઇ દિન આ મુજબના આવાઝો મારા કાન પર નથી આવા. મગર આજે આ ગમનાક દિને, **જિન્નાતના નૌહાની આવાઝ** મારા કાન પર આવી રહી છે. તે દલીલ છે કે, મારા ફરઝંદ હુસૈન શહીદ થઇ ચુકા છે."

હમેં, ગમખ્વારાને હુસૈન ! હમેં, મહેરમદારાને હુસૈનની શરઇ અને અખ્લાકી ફરઝ છે કે, હમારી ઝિંદગીના ચંદ કલાકો હમારા ઈમામ આકા હુસૈનની ઝિક્ર વાસ્તે વકફ કરીએ. કોઇ ચીઝ હાસિલ કરવા વાસ્તે કોઇ ચીઝની કુરબાની આપવી પડે છે. **આ તો અજરો સવાબ અને જન્નતને હાસિલ કરવાનો સવાલ છે.** શું હમેં આ ફઝલો શરફ આ ફાની દુનિયાની મસ્રૂફીયતના સબબ ગુમાવી દઇએ. ના ! આમ ના થાવું જોઇએ. આ અશરહ મુબારકહ ના અય્યામમાં કોઇ પણ મૌકો હમારા હાથથી ઝાયેઅ થાવો ના જોઇએ કે, જેમાં હમેં આકા હુસૈનની ઝિક્ર સાંભલવામાં કોઇ કુસૂર કરીએ. અલ્લાહતઆલાની બારગાહમાં એમ ઇલ્તેજા છે કે, માતમ બરપા કરવામાં આકા હુસૈન હમને યારીદૈન થાય અને આપ પર આહોઝારી ની બરકત થી હમારી દુનિયા-આખેરત આબાદ થાય. ✫

**લોગો વાસ્તે ઝાહિરી ઝબાન છે અને તમારા વાસ્તે બાતિની હિકમત છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૭
## અલવી અકીદાઓ - અકીદો - ૩૦ (કિસ્ત-૨)

(ગયા શુમારા નું બાકી .....અકીદો - ૩૦)

(૭) **સાતમી વજેહ** તે છે કે, હમારો આ વાત પર પણ ઈત્તેફાક છે કે, નબી સાહેબે ફરમાવું કે, અય લોગો ! સાંભલો, તમેં મારા બાદ અલ્લાહની નેઅમતોંનો કુફ્ર ના કરજો અને એકબીજાની ગરદનોને ના કાપજો. જો તમેં આમ કરશો તો ઝરૂર સેંકડોની તાઅદાદમાં તમારી જાનો જાશે અને તમારા ખૂનથી ઝમીન લાલ થઈ જાશે. **શું તમેં મારા બાદ ફિત્નાથી બચવા માંગો છો ? તો તમેં મારા અલીના કહેવા મુજબ અમલ કરજો તો ભારી ફિત્નાથી બચી જાશો.**" આપે મૌ.અલી (અ.સ.) તરફ ઈશારો કરીને ફરમાવું કે, યા અલી ! મારા બાદ તમને, મને આપેલો મીસાક-અહદ તોડવાવાલા નાકેસીન સાથે - જંગે જમલવાલા જેમાં નબી સાહેબના એક બૈરો ઊંટ પર મૌ.અલીના ખિલાફ આવા, મારા કાઈમ મકામ અલીને બાઝૂ પર મુકીને કુરઆનને લવાદ બનાવનાર કાસેતીન સાથે - જંગે સિફ્ફીનવાલા મુઆવીયહના સાથીદારો અને દીને હક્કથી નિકલી જાનારાઓ ખારજીઓ - જંગે નહેરવાનવાલા સાથે જંગો જિદાલ-જેહાદ કરવી પડશે.

એક વાર આપે એમ પણ ફરમાવું કે, "મને મારા બાદ મારી ઉમ્મતની નૈક હિદાયત વાસ્તે મોટો ડર છે. આ ડર બીજી કૌમના લોગો યા તેના આલિમોથી નથી. પણ મારા અસ્હાબમાંથી કમઝોર ઈમાન રાખનાર, ભટકાવનાર અને જૂઠા ઈમામો મિમ્બરો પરથી મારી ઉમ્મતને તેઓની ઝબાનની ચાલાકી-ચાંપલુસી થી ગુમરાહ કરશે. મારા નામની જૂઠી હદીસો ઘડીને મારા અહલે બૈતના ખિલાફ સાઝિશો રચશે. આઝમાઈશના આ વક્તમાં અગર તમેં અલીને તમારા વલી અને હાકિમ બનાવશો તો એ તમને રોશન, હક્ક અને વાઝેહ રસ્તા ઉપર ચલાવશે અને ભટકવાથી-ગુમરાહીથી બચાવશે. પણ, **અય લોગો ! મને ખબર છે કે, મારા બાદ તમેં આ મારી વસીયત નહીં જ માનો અને તમારા મનમાં આવશે તે જ કરશો.**"

આપના આ કલામથી સાફ થાય છે કે, આપે આપના કાઈમ-મકામ મૌ.અલીને સેંકડો વાર ઈશારો કરીને બતાવી તો દીધું પણ બીજો રૂખ એ હતો કે, ઉમ્મત તેની હક્કાનીયત અને બુનિયાદને ના સમઝી શકી.

(૮) **આઠમી વજેહ** તે છે કે, એક તારીખી વાકેઓ કે જેની બયાની ઈસ્લામના તમામ ફિરકાઓ કરે છે, તે એ છે કે નબી સાહેબ જંગે તબૂક પર જાતી વક્ત મૌ.અલીને મદીનામાં આપના ખલીફા બનાવીને મૂકી ગયા. આપનો આ અમલ તે મુજબ હતો કે, જેમ મૌ.મૂસા કલીમુલ્લાહએ ઈબાદત વાસ્તે જાતી વક્ત પોતાના ભાઈ મૌ.હારૂનને પોતાના ખલીફા બનાવા હતા. તેમ નબી સાહેબે મૌ.મૂસાનો આ અમલ આપના અલ્ફાઝમાં ઢાલીને ફરમાવું હતું કે, "યા અલી અન્તા મિન્ની બેમન્ઝેલતે હારૂન મિન મૂસા, ઈલ્લા અન્નહૂ લા નબીયા બાઅદી", યાઅની કે, અય અલી ! **તમેં મારા નઝદીક એ મંઝેલત રાખો છો, જે મુજબ હારૂનની મૂસાને નઝદીક હતી, મગર હકીકતન મારા બાદ કોઇ નબી નથી.**

આ વાતના ઉપર પણ તમામ એક રાય છે કે, મૌ.હારૂનની ખિલાફત તો કાઈમ અને બાકી જ રહી, હાલાંકે આપનો ઈન્તેકાલ મૌ.મૂસાની હયાતીમાં થઈ ગયો. તો ઉમ્મતે મોહંમદીયહ પર લાઝિમ છે કે, નબી સાહેબે જેને આપની જગા ઉપર કાઈમ કીધા હોય એને હર હાલમાં માનવા જ પડે અને કાઈમ થયેલા સાહેબની મોહબ્બત રાખવાની ઝિમ્મેદારી નિભાવવી જ પડે. હવે જો લોગો ના માને તો આપના કાઈમ-મકામના દરજાને કોઈ ઠેસ પહોંચતી નથી.

(૯) **નવમી વજેહ** તે છે કે, નબી સાહેબે હમને વસીયત કરવાની તાકીદ કીધી, રગબત અપાવી અને તેમાં બિલકુલ તાખીર કરવું ના કીધું. આ જ મુજબનું ફરમાન તમામ અંબિયાની શરીઅતોમાં છે. ઈન્સાની અક્લે સલીમ પણ તેની

(બકીયાહ પેજ નં. ૬ ૫ર)

**લોગો વાસ્તે ઝાહિરી અમલ છે અને તમારા વાસ્તે બાતિની ઈલ્મ છે.**

(પેજ નં. ૫ નું બાકી)

ઝરૂરતની ગવાહી આપે છે અને તેને ના માનવાની રાયને મોટી ખતા ગરદાને છે. તો પછી એ કેમ માની લેવામાં આવે કે, ઉમ્મતના મુઅલ્લિમ, ઉસ્તાઝ, મુરબ્બી, હાદી અને મુરશિદ કે જે સાહેબે વસીયત દરજ કરવાનો હુકમ ફરમાવો હોય અને તેના પર બિલા-કુસૂર અમલ કરવાની તાકીદ કીધી હોય અને જો પોતે એ મુજબ અમલ ના કરે, તો શરીઅતમાં વસીયતના સિવાય તો ઘણા-ઘણા અહકામ-ફરમાનો આવા છે, તે તમામમાં કુસૂર આવી જાય. **એક વાસ્તે અમલ ન થયો હોય તો બીજા વાસ્તે ઉમ્મતમાં તાકીદ કરવી તે બેકાર-ઝાયેઅ થઇ જાય.** શરીઅત આવવા બાદ આ મુમ્કિન જ નથી. તો પછી કાઈમ-મકામને ના બનાવવાનો સવાલ જ ઊભો થાતો નથી.

(૧૦) **દસમી વજેહ** તે છે કે, તારીખે ઈસ્લામ હમને તે બતાવે છે કે, નબી સાહેબ જે વક્ત પણ જેહાદને વાસ્તે કોઈ લશ્કર મોકલતા હતા તો આપ અમીરે લશ્કરને વસીયત કરતા હતા કે, જો દૌરાને જંગ એની કઝા આવે, મકતૂલ થાય તો એના બાદ ફલાઁ શખ્સ અમીર બને. જો એ મુકર્રર શખ્સ પણ મકતૂલ થાય તો એક બાદ બીજા એમ ત્રણ સાહેબોને અમીરે લશ્કર બનવા વાસ્તે નામઝદ કરતા હતા. આપનો આ અમલ તેના સબબ હતો કે, અમીરે લશ્કરના ગુઝરવાથી લશ્કર માં ઈખ્તેલાફ અને નાફરમાની ના થાય અને **એક ગુઝરે તો બીજા અમીરના નામની સરદારીનું એલાન કરવામાં આવે.** આ તરહ હર હાલમાં લશ્કરની બંદિશ કાઈમ રહે. જો નબી સાહેબ મૈદાને જંગમાં અમીરને મુકર્રર કરવાની ઝરૂરત, એહમીયત અને મરકઝીયત જાણતા હોય, તો આપના ઈન્તેકાલ બાદ આપની ઉમ્મતનો બગૈર કોઈ આપના કાઈમ-મકામ શું હાલ થાશે, તેનો આપને બિલકુલ ખયાલ ના હોય ? આ મુમ્કિન ન્હોતું. ઉમ્મત હક્કના સરદારની સરદારીની મોહતાજ હતી અને રહેશે.

(૧૧) **અગિયારમી વજેહ** તે છે કે, નબી સાહેબે પોતાની ઉમ્મતમાંથી આપના ખલફ-ખલીફા-ઝિમ્મેદારી સંભાલનાર બનાવા અને એને મસીલે હારૂન કીધા. યાઅની મૌ.મૂસા ના વસી મૌ.હારૂન ના દરજાને બરાબર બનાવા. આ સાહેબ આપના અહલે બૈત માંથી પહેલા હતા, મુકદ્દમ હતા, તે સિવાય કોઈને પણ વસી તરીકે નામઝદ ના કીધા, આગલ ના કીધા. આપે આપના વસીને આપના તમામ અસ્હાબ-તાબેઈન પર અફઝલીયત-ઊલવીયત બખ્શીને તમામ પર હાકિમ અને આમિર બનાવા. બુઝુર્ગ હોય યા જવાન, તમામ પર આપના વસીને ફૌક કીધા, વાલી અને વલી બનાવા.

એ સાહેબે ખાસને આપનું દીની-દુનિયાવી કર્ઝ અદા કરવાના વાસ્તે વસી બનાવા અને આપના વાઅદાઓને આપના ઈન્તેકાલ બાદ પૂરા કરવાની ઝિમ્મેદારી સિપૂર્દ કીધી. ફક્ત આ જ ચીઝ નહીં પણ આપના અહલે બૈત દરમિયાન એ જ સાહેબને વસીયત ફરમાવી કે, જેથી એ આપના જિસ્મે અત્હરને ગુસ્લ આપે, કફન પહેરાવે, હુનૂત-ખુશ્બૂ લગાવે, જનાઝા મુબારેકાની તવલ્લી કરે અને આપને એમના હાથ પર સિપૂર્દે લહદ કરે. આ સાથે આપની તબર્રૂકાતે નબવીયહમાંથી આપની તલવાર, ઢાલ, સીનાનું ઝિરા-બક્તર, હથિયાર, ખચ્ચર, પાઘડી, દુપટ્ટો અને આપની તમામ કિતાબો આપના વસીને ઈનાયત કીધી.

અલ્લાહતઆલાના કિતાબ કુરઆને હકીમને તેના શાને નુઝૂલ અને નાઝિલ થાવાની તરતીબને માતહત જમા કરીને આપા. વસીના હાથમાં આપના અઝવાજ-બૈરો જો એના નાફરમાન થાય, ખિલાફ જાય તો તલાક આપવાનો ઈખ્તિયાર સોંપો. આ પહેલા અલ્લાહતઆલા નબી સાહેબને ઈશારાઓમાં અને હિકમતના કલામોમાં ખબર દઈ ચુકેલા હતા કે, આપની ઉમ્મત આપના બાદ આપના વસીને માનવામાં ઈખ્તિલાફમાં પડશે, ફિત્નામાં ઘેરાશે. આપે પણ આપની ઝબાનીથી આ પૈશગોઈ કીધી હતી કે, "અય લોગો ! તમેં મારા બાદ આગલા નબીઓની

(બકીયાહ પેજ નં. ૭ પર)

**લોગો વાસ્તે ઝાહિરી સદકો છે અને તમારા વાસ્તે બાતિની નજવા છે.**

(પેજ નં. ૬ નું બાકી)

ઉમ્મતોના તૌર-તરીકા પર ઝરૂર ચાલશો. તેઓના નકશે કદમ પર એ હદ તક ચાલશો કે, અગર તેઓ દબ્બ-ઉંદરની મુજબના જાનવરના સુરાખમાં દાખિલ થયા હશે તો તમેં પણ તેમાં સોચા-સમઝા બગૈર પેસી જાશો."

જે વક્ત નબી સાહેબે બનવાવાલા તમામ હાલાત અને વાકેઆત પર ગૌર-ફિકર કીધી અને અલ્લાહતઆલાના હુકમથી ગદીરે ખુમ્મ પર મૌ.અલી ને આપના વસી મુકર્રર કરી દીધા અને એને મસીલે હારૂન કહ્યા તો આપની આગાહી અને અલ્લાહના ઈશારાત મુતાબિક આપની ઉમ્મતે મુસલેમહએ આપના વસી સાથે એવો જ સુલૂક કીધો કે, જે વસી હારૂનના સાથે એની કૌમ બની-ઈસરાઈલે કીધો હતો. તે ઝમાનમાં મૌ.મૂસાના કૌહે તૂર પર જાવાના ફૌરન બાદ જ લોગોએ વસી હારૂનની મુખાલેફત અને નાફરમાની શુરૂ કરી દીધી હતી અને એક ગાયના વાછરડાની મૂર્તિને પૂંજવા લાગી ગયા હતા. હમારા દૌરમાં પણ આ જ વાકેઓ લોગોએ દોહરાવો. તો શું નબી સાહેબ વાછરડાની મુર્તિને પૂજવા ઉમ્મતને વસી બગૈર આમને આમ મુકી જાય ? ના, આ ગૈર-મુમ્કિન છે.

(૧૨) **બારમી વજેહ** તે છે કે, તારીખે ઈસ્લામના એક અહમ વાકેઆની હકીકત ને શાયદ જ કોઈ ભુલી શકે યા કોઈ મુસલમાન તેનો ઈન્કાર કરી શકે. જે વક્ત **"વઝિર અશીરતકલ અકરબીન,"** ની આયત નાઝિલ થઈ તો નબી સાહેબે મૌલાના અબ્દુલ મુત્તલિબના પૂરા કબીલા યાઅની બની હાશિમને અલ્લાહતઆલા તરફથી આપની દાઅવતને પૈશ કરવા જમા કીધા અને બતૌરે ઝિયાફત તમામને નઝદીક બકરાની રાન અને દૂધનો પ્યાલો પૈશ કીધો. કુલ ૪૦ શખ્સોએ પેટ ભરીને જમું અને દૂધથી સૈરાબ થયા.

તે બાદ નબી સાહેબે તેઓને ખિતાબ કરીને ફરમાવું કે, "અય ફરઝંદાને મૌ.અબ્દુલ મુત્તલિબ ! તમેં મારી ઈતાઅત કરો. ઝમીનના બાદશાહ બની જાશો અને હુકૂમત કરવા લાગશો. બિલાશક ! અલ્લાહતઆલાએ કોઈ પણ રસૂલને મબ્ઊસ નથી કીધા મગર એના વઝીર-બાઝૂ-મદદગાર બનાવા છે." તે બાદ આપે સઘલાઓને પૂછું કે, "તમારા માંથી કોઈ છે કે, જે મારો વઝીર-બાઝૂદાર-મદદગાર બને ?" આપે આ વાત હરએક ને ત્રણ વાર પૂછી. તમામ ખામોશ રહ્યા અને જે વક્ત આપના કાકાજીના દીકરા અલી નઝદીક આવા અને પૂછું કે, "અલી, તમારો શું ઈરાદો છે ?" તે વક્ત મૌ.અલી ની ઉંમર ફક્ત ૧૦ સાલની હતી. આપે તમામની ખામોશી તોડતા હિમ્મતો જુર્અતથી જવાબ આપો કે, **"યા રસૂલુલ્લાહ ! હું આપની આ દાઅવતનો જવાબ દઉં છું."**

નબી સાહેબે શાબાશી આપીને ફરમાવું કે, **"હાઁ ! અય અલી, તમેં જ મારા ભાઇ, વઝીર, બાઝૂ અને નાસિર છો."** આ વાકેઆ બાદ તમામ સરદારો ઉઠીને ચાલા ગયા અને મૌ.અબૂ તાલિબનો મઝાક ઉડાવવા લાગા કે, "આજે તો તમારા થી તમારા દીકરા અલી આગલ વધી ગયા." આ તરહ તમામ કાફિર લોગોએ મસ્ખરી કીધી અને નબી સાહેબના કલામને રદ કીધા.

આ તે મશ્હૂર રિવાયત છે કે, જેના વક્તો મકાનની તમામ હદીસ લખનારાઓને ખબર છે અને તેનો કોઈ પણ ઈન્કાર કરી શકતા નથી. ભલેને તે કોઈ પણ ફિરકાના હોય. શું આનાથી ઝિયાદહ અહમ અને અઝીમ અહેમીયતનો વાકેઓ મૌ.અલીની વલાયત અને વસાયતની સાબિતીનો હોઈ શકે ! આ જ એક વાઝેહ અને રોશન દલીલ છે કે, નબી સાહેબ આ દુનિયામાંથી ગુઝરા જ નથી પણ આપે મૌ.અલીને ઉમ્મત દરમિયાન આપના કાઈમ-મકામ બનાવા છે. ☆

---

**લોગો વાસ્તે ઝાહિરી રોવું છે અને તમારા વાસ્તે બાતિની માતમે હુસૈન (અ.સ.) છે.**

**લોગો વાસ્તે ઝાહિરી કુરઆન છે અને તમારા વાસ્તે બાતિની હુબ્બે અહલે બૈત (અ.સ.) છે.**

**લોગો વાસ્તે ઝાહિરી ઝમીન છે અને તમારા વાસ્તે બાતિની જન્નત છે.**

(પેજ નં. ૧ નું બાકી)

આફતમાં છે ? એ મરદ બોલો કે, "દુનિયાની આ કબરમાં મારા બદઅખ્લાક ના સબબ હું અઝાબમાં ગિરફતાર છું." પછી એને કહેવામાં આવું કે, હવે તારી કબરમાં પાછો ચાલો જા, તો એ કબરમાં પોશીદા થઈ ગયો.

તે બાદ બીજી એક કબરમાંથી મુડદાને ઉઠવાનો હુક્મ કીધો અને જે વક્ત તે સાહેબે કબર ઉઠો તો કહ્યું કે, બયાન કર, "કબરમાં તારો શું હાલ છે ?" એ બોલો કે, "**હું ખૂબ રાહતમાં છું. મારા ઇમાન અને અમલ મને કામ લાગા.** દૌલત કરતા આખેરતમાં રાહત તલબ કરવી મને ઝિયાદહ પસંદ હતી. લેહાઝા, થોડીમાં થોડી ચીઝમાં મૈં દુનિયામાં સબર કીધો અને કોઇ ચીઝ ઝિયાદહ મિલી જાતી તો શુક્ર કરતો અને તે ઝિયાદહ ચીઝને બીજા હાજિતમંદોને આપવા પર શૌક રાખતો."

"દુનિયામાં આ મારી સીરત હતી અને જે વક્ત મને મૌકો મિલો મૈં કલેમતુશ્શહાદત પઢતો. મારા આ વિર્દથી આજે મારી કબર ઝિંદા છે અને હું પણ હમેશાની ઝિંદગીમાં છું, રાહતમાં છું. નબી સાહેબના નઝદીક આજે પણ હું શહાદત દઉં છું કે, "અશ્હદો અન લા ઈલાહા ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીકા લહૂ વ અશ્હદો અન્ના મોહંમદન અબ્દોહૂ વ રસૂલોહૂ વ અશ્હદો અન્નસ્સાઅતા આતેયતુન લા રૈબા ફીહા વ અન્નલ્લાહા યબ્અસો મન ફિલ કુબૂર." યાઅની કે, "**હું શહાદત દઉં છું કે, નથી કોઇ ખુદા મગર અલ્લાહ છે, એક છે, તેનો કોઇ શરીક નથી. અને હું શહાદત દઉં છું કે, મોહંમદ તેના બંદા છે અને તેના રસૂલ છે. અને હું શહાદત દઉં છું કે, કેયામત આવનાર છે તેમાં કોઇ શક નથી અને ઝરૂર અલ્લાહતઆલા જેઓ કબરોમાં દફન થયેલા છે તેઓને મબ્ઊસ કરશે - ઉઠાડશે.**"

આ કલેમાત કહીને એ શખ્સ દોબારહ કબરમાં પોશીદા થઈ ગયો. ઘણો જ ખુશ હતો. એના જિસ્મને મૌત આવી હતી મગર એ રૂહાની આલમમાં ઝિંદા છે. કેયામતના દિન જે વક્ત એને પુકાર થાશે તો એ મુમેનીન ના ઝુમ્રામાં હશે. કેયામત તક એ કુશાદા જન્નતી કબરમાં ખુશ હશે અને બદઅમલ શખ્સ તંગ જહન્નમી કબરમાં અઝાબના સબબ ગમગીનીમાં જકડાયેલા હશે. ✯

---

(પેજ નં. ૯ નું બાકી)

કરી શકે તેના સિવાય તમામ પારકા-ગૈર મહેરમ કહેવાય. મરદે મુમિન પર લાઝિમ નથી કે, એ પારકા બૈરોને બદ નિગાહથી જોઈ. બૈરોને અડકવાની તો દૂરની વાત છે. જહાઁ તક બૈરોના શૌહર એને ઈજાઝત ના આપે વહાઁ તક બૈરો કોઈ પારકા મરદ સાથે વાતચીત પણ ના કરી શકે, કોઈ ઘર પર ના જઈ શકે, મરદના દોસ્તો સાથે પણ ગુફતગૂ કરવાનો પરહેઝ કરે. શરીઅતે ઈસ્લામે તમામ ચીઝમાં હદ મુકેલી છે. તાઅઝીમ, તકરીમ અને પરહેઝ કરવાની નસીહત મુકેલી છે.

આજનો વક્ત ઉરયાની છે, બેશરમીનો છે, બેહયાઈનો છે, બેપરદગીનો છે, તંગ કપડા પહેરવાનો છે, નુમાઇશ કરવાનો છે, દેખાવનો છે, જિસ્મના આઅઝાને સરેઆમ ખુલ્લા રાખવાનો છે, પારકા દોસ્તો ને સાથે ફિરવા જાવાનો છે, કોલેજ-સ્કૂલમાં પારકા છોકરા સાથે બદ-સુલૂકીથી તૂફાન કરવાનો છે, મલ્ટી મીડીયાની નાપાકીનો છે, જવાનો ની આઝાદગીનો છે. **આ વક્તમાં વાલેદૈનની ઝિમ્મેદારી છે કે, પોતાની જવાન દીકરીઓને સાચવે, સમઝાવે, હદ બતાવે,** ખરા-ખોટા રસ્તા બતાવે, તે ઉંમરની નઝાકત બતાવે, તાઅલીમની એહમીયત શીખાવે. દોસ્તોના ગલત-સલત વિચારોના વહાવમાં અને જવાનીના ઝુનૂનમાં એવી કોઈ નાગહાની-શરમનાક વારેદાત ના બને કે નાદાની-ગૈરસમઝી ના સબબ પૂરી ઝિંદગીભર દિલ, દિમાગ અને અખ્લાક ઝખ્મી થઈ જાય અને તેની પર કોઈ દવા જ કારગર ના થાય. ✯

**લોગો વાસ્તે ઝાહિરી ખિદમત છે અને તમારા વાસ્તે બાતિની ઈતાઅત છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૫૪

**"અલ્લાહતઆલાના અઝાબના ખૌફથી જે શખ્સ હરામ કામથી દૂર રહેશે તેના ઉપર આગ હરામ થઇ જાશે."**

કૌમે બની ઈસરાઈલના એક મરદે સાલેહથી રિવાયત છે કે, મૈં એક લુહારને જોયો કે, એ પોતાના હાથમાં ધગધગતા લાલ-લાલ અંગારા લે છે અને તે જ હાલતમાં તે બિલા તકલીફ કામ કરતો જાય છે. મૈં તેના નઝદીક ગયો અને આ મુજબ ગૈર-માઅમૂલી કામ કરવાનો સબબ પૂછ્યો કે, "અય ભાઈ ! તારા હાથને આ ગરમ-ગરમ અંગારા અને ધગતી આગ જલાવતી નથી ?" લુહારે કહ્યું કે, આના પાછલ એક મોટો સબબ છે. તે એ છે કે, એક નિહાયત જમાલદાર બૈરો મારા ઘરના નઝદીક રહેતી હતી. એ હુસ્નો જમાલમાં જેમ બેમિસાલ હતી તે જ મુજબ પરહેઝગારી અને દીનદારીમાં પણ મશ્હૂર હતી. જે વક્ત પણ એ મારા મુકાબિલ થાતી યા રાહમાં આમનો-સામનો થાતો તો મારી બુરી નિગાહ એના ઉપર પડતી. **મગર એની પાકદામની ના સબબ એ નીચો ચહેરો કરીને ગુઝરી જાતી.** એને મારી તરફ રગબત અપાવવા મૈં તરહ-તરહના દાવપેચ-હીલા કીધા મગર એ બૈરો પર મારી તમામ કોશિશ નાકામ ગઈ.

એક સાલ એવું આવું કે, મારા શહેરમાં દુકાલ પડો, તમામના ઘરે જમવા-પીવાનો સામાન ખુટી ગયો. દિન-બ-દિન હાલત ખસ્તા-ખરાબ થાતી ગઈ. એક દિન એ બૈરો મારા ઘર પર આવી અને સવાલ કીધો કે, "અય અલ્લાહના બંદા ! અલ્લાહના ખાતિર અને તેના નામ પર તું મને જમવાનું આપ." મૈં કહ્યું કે, "તું પહેલા મારી ખ્વાહિશ પૂરી કર. વરસોથી તારી સોહબતનો તલબગાર છું તો તું મને ના રોક અને તારી ઝાતને મારા હવાલે કરી દે. **તો જ હું તુંને જમન આપીશ.**" બૈરોએ સાફ-સાફ ઈન્કાર કરી દીધો. તે બાદ પણ બે-ત્રણ વાર જમન માંગવા એ પાછી આવી મગર વાત તો તે જ રહી.

લુહાર કહે છે કે, મને એ બૈરો પર ખૂબ રહેમ આવો અને મૈં ખુદ જમન લઈને એના ઘર પર ગયો અને એના સામે જમનની થાલી મુકી. બૈરો બોલી કે, "શું તું મને અલ્લાહના ખાતિર અને તેની રાહમાં જમન આપે છે?" મૈં કહ્યું કે, "ના. એ બૈરો ફૌરન તે જગા પરથી ઉઠી ગઈ અને મને જમનની થાલી લઈને ઘરને બાહર જાવાનું કહ્યું." થોડા અય્યામ બાદ જમનને તલબ કરવા એ પાછી લુહારના ઘરે ગઈ. લુહારે પહેલા જેમ જ તલબ કીધી તો બૈરો આમને આમ જ ત્યાંથી ભુખી પલટી ગઈ.

લુહાર બોલો કે, "અય બૈરો ! તું રૂકી જા. હું એટલો ઝાલિમ પણ નથી કે તારા હાલ પર રહેમ ના કરૂં. તું મારાથી ના ડર. અલ્લાહની બારગાહમાં હું તૌબા કરૂં છું. મારી શહેવતની ખતાને કુબૂલ કરૂં છું. આ જમન તારા વાસ્તે છે. અલ્લાહના ખાતિર લે. તું આ જમી જા." બૈરોએ કહ્યું કે, "અય અલ્લાહ ! અગર આ મરદના દિલમાં સચ્ચાઈ છે, નિય્યત પાક છે અને નિગાહમાં ખૈર છે તો તું એના ઉપર **દુનિયા અને આખેરતમાં આગને હરામ કરી દે.**"

લુહારે કહ્યું કે, "અલ્લાહતઆલાએ એ બૈરોની દોઆને કુબૂલ કીધી અને મને આગની મુસીબતથી મહેફૂઝ કરી દીધો. હવે ગમે તેટલા ગરમ લોહા ને હું હાથમાં લઉં છું. મગર મને તેનાથી કોઈ ઈઝા, જલન કે તકલીફ થાતી નથી. **હું બિલા કોઇ હરજ ઊકલતા લોહા સાથે પણ કામ કરી શકું છું.**"

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "જે કોઈ શખ્સ કોઈ બૈરો પર અલ્લાહતઆલાના અઝાબના ખૌફથી દસ્તદરાઝી ના કરે. નિય્યતે બદ થી હાથ ના લગાડે તો અલ્લાહતઆલા એ શખ્સને કેયામતના અઝાબથી અમાન બખ્શી દેશે. એના પર નારે જહન્નમ હરામ કરી દેશે અને એને જન્નતની નેઅમતોમાં ગશ્ત કરનાર કરશે."

આ કલામે નબવી હમને તે તરફ ઈશારો કરે છે કે, મરદ વાસ્તે ઘરના મહેરમદાર બૈરો જેનાથી એ શાદી ના

(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**લોગો વાસ્તે ઝાહિરી વુઝૂ છે અને તમારા વાસ્તે બાતિની ગુસ્લ છે.**

## સાઈલ

ઈન્સાનની પૈદાઈશના યાઅની તખ્લીક કે જે શિકમે માદર-માઁ ના પેટમાં થાય છે, તેના ૭ તબકાત છે, મરહલા છે. આમાં છઠ્ઠો તબકો લહેમ-ગોશ્તનો આવે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "**નાહનો લાહમીયૂન**" યાઅની કે, હમેં ગોશ્તવાલા છીએ. આપ છઠ્ઠા નબીયે નાતિક છે અને આપની શરીઅત છઠ્ઠી છે. લેહાઝા આપ ઝબીહતના ગોશ્તના માલિક છો. કુરબાની ની જે સુન્નત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) માં જારી થઈ તે આપની ઉમ્મતમાં ઝિંદા રહી. મગર આપના ખાસ મુમેનીન આ સુન્નતને આપના નવાસા મૌ.ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતની બરકાત સાથે જોડી દે છે. એક તરફ મૌ.ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) વાસ્તે જન્નતી કબશની કુરબાની હતી અને બીજી તરફ કરબલામાં જન્નતના જવાનોના સરદારની કુરબાની બિલા કબશ હતી.

અલ્લાહતઆલા ફરમાન કરે છે કે, "**તમેં મારી સુન્નત પર ચાલો. તમેં કોઇ વક્ત મારી સુન્નતમાં તબ્દીલી નહીં જોઇ શકો.**" હર સુન્નતમાં તહારત છે, બરકત છે. તમેં કુરબાની કરો, ગોશ્ત જમો. આ ગોશ્ત તમારા જિસ્મનો ગોશ્ત વધારશે. તમેં જમો અને બીજા તમારા ભાઈઓને જમાડો. ગોશ્તનો શુરબો-સરવો બચો હોય તો ઝરા પણ તેને ઝાયેઅ ના કરો, મગર કોઈ સાઈલ આવે તો ફૌરન એની હાજિતરવાઈ કરો.

તમને ખબર હોવી જોઈએ કે, સાઈલ ત્રણ તરહના હોય છે. (૧) સાઈલે કાનેઅ, (૨) સાઈલે મોઅતર અને (૩) સાઈલે બાઈસ ફકીર.

(૧) **સાઇલે કાનેઅ** એ છે કે, એને જે કઈ આપો તેના ઉપર એ મુત્મઈન, બાસુકૂન અને રાહતે દિલવાલો હોય. હરગિઝ નારાઝ થાય નહીં. કોઈ શિકાયત કરે નહીં. જે કઈ હાઝિર હોય તેના પર કનાઅત કરે.

(૨) **સાઇલે મોઅતર** એ છે કે, જે કોઈ સવાલ-હાજિતની ગરઝથી સામે આવે, એની ઝબાનથી એક લફ્ઝ ન બોલે મગર એના જિસ્માની તઅસ્સુરાતથી માઅલૂમ થઈ જાય કે, એ કોઈ હાજિતનો તલબગાર છે.

(૩) **સાઇલે બાઇસ ફકીર** એ છે કે, જે સઘલા કરતા વધારે તકલીફમાં હોય. એની હાલત જોઈને હર કોઈના દિલ મોમ થઈ જાય. એની બયાનીમાં સચ્ચાઈ હોય અને એની દોઆમાં ખૂબ અસર હોય. હાલાતે એને સવાલ કરવા પર મજબૂર કીધો, નહીં તો એની આદતમાં નથી હોતું કે એ ફકીરી કરે.

મૌલાના ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) ને મદીનાના સાઈલો મસીહા સમઝતા, બાવાજી કહેતા, હાજિત રવાઈના બાદશાહ માનતા. આપ રાતના અંધારામાં સાઈલોને જમન આપવા ખુદ જાતા. સાથે બેસતા, જહાઁ તક તમામ સાઈલો જમી ના લે, વહાઁ તક જાતા નહીં. આપની આ આદતે શરીફહનો રાઝ તે જ વક્ત ખુલી શકો જે વક્ત આપના ઈન્તેકાલના વક્ત આપના અહલુલ બૈતે આપના ખભા પર ચામડીના ગઠ્ઠા જોયા, **જે જમનની મશ્કી ઉઠાવવાના સબબથી થઇ ગયા હતા.**

મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, "મસ્જિદમાં હમેં નમાઝ વાસ્તે જાતા અને ફારિગ થાતા તો સેંકડો સાઈલો સહેનમાં તેઓની કોઈ હાજિતરવાઈ કરે તેના ઈન્તેઝારમાં બેસેલા જોતા. હમેં હમારા બૈતે શરફ પર જાતા તો તેમાંથી ચંદ સાઈલો હમારા પાછલ-પાછલ આવતા. તો હમેં તેઓના સબર, કનાઅત અને શુક્રગુઝારીનો ઈમ્તેહાન લેતા. હમારા ઘરે જે ઝબીહત થઈ હોય તેની મૂંડી હમેં સાઈલને અરઝ કરતા. જો એ ખુશ થઈને લઈ લેતો તો હમેં દોબારહ બોલાવીને એને ગોશ્ત આપતા. નહીં તો, જો નારાઝ થાતો તો હમેં એને જાવા દેતા. **જેટલી સાઇલમાં શુક્રગુઝારી વધારે તેટલી હમારા દિલમાં એના વાસ્તે ઇઝઝત પૈદા થાતી.**" ✯

**લોગો વાસ્તે ઝાહિરી લિબાસ છે અને તમારા વાસ્તે બાતિની તકવા છે.**

## મૌ. યાઅકૂબ નબી અને મૌ. યૂસુફ નબી ની વફાત – કિસ્ત - ૩

યહૂઝાની વફાત બાદ આપને દફનાવવાની જે કશ-મ-કશ ઊભી થઈ હતી તેમાં તસ્વીયો એવો થયો કે, આપને નીલ નદીમાં એક પેટીમાં મુકીને દફનાવી દેવામાં આવે. તે મુજબ મિસરીઓએ કીધું અને નીલ નદીના પાનીને યહૂઝાના દફનાવવાના સબબ બરકતવાલું સમઝવા લાગા. જે વક્ત મૌ.મૂસા કલીમુલ્લાહ નુબૂવતથી ખાસ થયા અને આપ મિસિરથી બની ઈસરાઈલ ને સાથે લઈને શામની તરફ હિજરત કરી ગયા તે વક્ત યહૂઝાના દફનાવેલા તાબૂતને પણ સાથે લઈ ગયા અને **કિન્આન શહેરના કિલ્લાને બહાર** આપને બઈઝઝતો એહતેરામ સાથે દફન કીધા. આના સબબ યહૂદીઓ પોતાના મરનારાઓને શામની સરહદમાં દફન કરવું ભલું અને ખૈર માને છે. એ વાસ્તે દૂર-દરાઝ ગામોથી યહૂદીઓના મૈયેત શામની હદમાં દાખિલ થાય છે. આ જ તરહની ચીઝ શીઅયાનમાં પણ જોવા મિલે છે કે, જેઓ કરબલાએ મોઅલ્લા યા નજફે અશરફમાં પોતાના ગુઝરનારને દફન કરવામાં સવાબ સમઝે છે.

કિતાબોમાં વારિદ છે કે, એક વક્ત નબી સાહેબ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) એક એરાબી (દેહાતી શખ્સ) ની અરઝથી એના ઘરે તશરીફ લઈ ગયા. એરાબીએ આપની ખૂબ ખિદમત કીધી. રૂખ્સત લેતી વક્ત આપે ફરમાવું કે, તમારી મહેમાનદારીથી હું ખુશ થયો છું. **શું તમારી કોઇ ઉમ્મીદ છે કે જેને હું બર લાવી શકું ?**

એરાબીએ અરઝ કીધી કે, અય નબી સાહેબ ! બીજું તો કંઈ નહીં પણ મને સફર કરવા વાસ્તે એક ઊંટણી અને પેટ પાલવા વાસ્તે એક બકરીની ઝરૂરત છે. નબી સાહેબે આ એરાબીની અરઝ પર પોતાના અસ્હાબને મુતવજ્જહ થઈને ફરમાવું કે, તમેં આ એરાબીની ઉમ્મીદ બરાબર જાણી ? શું તે બની ઈસરાઈલની એક ઝઈફ ઔરત જેવો નાઉમ્મીદ થઈ ગયો છે ! અસ્હાબે અરઝ કીધી કે, યા નબીયલ્લાહ ! **હમનેં ખબર નથી કે, એ ઝઇફ બૈરોનો શું કિસ્સો છે ?**

નબી સાહેબે ફરમાવું કે, જે વક્ત બની ઈસરાઈલ મિસિરથી હિજરત કરી ગયા અને દરાઝ ફાસલા પર નિકલા તો રસ્તો ભુલી ગયા, રાત પડવા લાગી તો સઘલા ગભરાયા અને તે હિજરતીઓ એકબીજાને રસ્તો પૂછવા લાગા મગર અંધારાના સબબ જંગલમાં કોઈ ચીલો હાથ લાગો નહીં. આથી તેઓ ખૂબ જ સોચમાં પડી ગયા કે, અપના સાથે આટલા બધા લોગો છે તે છતાં અપને રસ્તો શું કામ ભુલા પડા હશે !

તે ગિરોહમાં જે જાણકારો અને સમઝદારો હતા તે કહેવા લાગા કે, જે વક્ત યૂસુફ નબી વફાત થયા તે વક્ત આપે આપના બિસ્તરના નઝદીક હાઝિર મુમેનીનથી વચન લીધું હતું કે, “મિસિરમાં એક એવો ખરાબ અને ઝાલિમ વક્ત આવે કે જેમાં ફિત્નો જ ફિત્નો હોય અને તમને બધાને મિસિરથી હિજરત કરી શામ તરફ જાવું પડે, તો તમેં મારી કબરના તાબૂતમાંથી હાડકા પણ સાથે લેતા જાજો. આમ કરશો તો ઝરૂર તમેં ઈઝા અને બલાથી બચી જાશો.” ✯

---

(પેજ નં. ૨ નું બાકી)

કે, જેઓ જન્નતી રિહાઈશોમાં રહે છે અને જન્નતી નેઅમતોને નૌશ ફરમાવે છે. અલ્લાહતઆલાએ મૌ.આદમને એમના ઝૌજહ સાથે આ દાઅવતની જન્નતમાં વસાવા ત્યાં તક નૂરાની હતા. મગર કોઈ રાઝ, જે રાઝ રહેવા દેવાનો હતો તેને ફાશ કરી દીધો, લેહાઝા ખતા થઈ અને નીચે પડા. **નૂરાની આલમથી નિકલીને ઝુલ્માની આલમમાં આવા.** જે કોઈ ગુનાહ કરે તેના પર વાજિબ છે કે, ખતાને બખ્શાવીને અલ્લાહતઆલા સાથેનો રહેમતનો તઅલ્લુક દોબારહ સાઝવાર, બહેતર અને હમવાર કરે. જે નેઅમતોથી મહેરૂમ કરવામાં આવા હોય તેને દોબારહ હાસિલ કરવાની તદબીર કરે.

મૌ.આદમ ઝુલ્માની આલમમાં આ દુનિયામાં પધારા તો આપને મુદ્દત આપવામાં આવી કે, તેમાં આપ તૌબા કરે અને તે ફાયદો હાસિલ કરે કે જેથી દોબારહ નૂરાની આલમમાં દાખિલ થઈ શકે. ✯

**લોગો વાસ્તે ઝાહિરી કબર છે અને તમારા વાસ્તે બાતિની નૂરાની ઘર છે.**

## લફ્ઝી કશ-મ-કશ

✱ **ઉભી તરકીબ :**

૧) મરહૂમીનના ફાતેહા વાસ્તે હમેં દૂધ-ચાવલ-ખાંડની એક ખાસ વાનગી બનાવીએ છીએ જેને ---- કહેવાય છે. (૨)

૨) શમ્સો કમર, અરઝો સમા, ખૌફો ખતર, લૈલો --------. (૩)

૩) મહેશરના દિન હમારા આઅમાલને ------- માં મુકવામાં આવશે. (૩)

૭) મૌ.નૂહ નબી, અલ્લાહના નજી છે. મૌ.ઈબ્રાહીમ નબી, અલ્લાહના ખલીલ છે, તો મૌ.આદમ નબી, અલ્લાહના ------- છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

✱ **આડી તરકીબ :**

૨) ઝબાનમાં ------- હશે તો કામિયાબી કદમ ચુમશે. (૩)

૪) ૯ મહીના શામના કૈદખાનામાં રહ્યા બાદ અહલુલ બૈતે હુસૈની (અ.સ.) ઝુલ્મની ઝંજીરોથી ------- થયા. (૨)

૫) મૌ. ઈમામ હુસૈન (અ.સ.) નો આખેરતનો ------- અને સામાન, શુક્ર અને સબર હતો. (૨)

૬) યૌમે આશૂરા, તમામ હુસૈનીઓની શહાદતે જલીલહ બાદ અહલુલ બૈત (અ.સ.) ના સૈયેદાતને -------- થી બાંધીને કાફલા સાથે કૂફા લઈ ગયા. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ગ | | |
| | હ | શ | ર | |
| યા | દી | X | શી | આ |
| | સ | ઈ | દ | |
| | | સા | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝિલહજ્જ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહઃ** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✮

## શબ્બીર કી મજલિસ

ઈમાન કી તન્વીર હે, શબ્બીર કી મજલિસ. ઈસ્લામ કી તૌકીર હે, શબ્બીર કી મજલિસ.

ઝૈનબ કા મુદ્દોઆ હે તો ઝહરા કી હે દોઆ. આબિદ કી યે તદબીર હે, શબ્બીર કી મજલિસ.

ઈસ્લામ કે ઊસૂલોં કા એક મદ્રસા હે યે. દુશ્મન કે લીયે તીર હે, શબ્બીર કી મજલિસ.

કિતને હી ગમ ઉઠા ચુકી ઈતરત રસૂલ કી. ઉસ ગમ કી યે તસ્વીર હે, શબ્બીર કી મજલિસ.

ઈમાઁ કી કસૌટી હૈ તો યે ગમ કી દવા હે. મુમિન કી યે તદબીર હે, શબ્બીર કી મજલિસ.

દરબારે "હુસૈની" મેં હે, "હાતિમ" કી હાઝિરી. સબ કે લીયે ઈકસીર હે, શબ્બીર કી મજલિસ.

"અલવી" રચાઈ આલે અબાને જિસે સદા. વો નાઅરએ તકબીર હે, શબ્બીર કી મજલિસ. ✮

**લોગો વાસ્તે ઝાહિરી હાથ છે અને તમારા વાસ્તે બાતિની મીસાક છે.**

## મરસીયા
## શહાદતે મૌ. ઈમામ હુસૈન (અ.સ.)

લો મુમિનોં અબ આલે અબા હોતેં હૈં બેકસ,
સબ બેકસોં કે ઉકદાકુશા હોતેં હૈં બેકસ,
બેકસ તો થે અબ ઔર સિવા હોતેં હૈં બેકસ,
યાઅની શહે તન્હા સે જુદા હોતેં હૈં બેકસ,
સદ હૈફ કોઈ ઝીસ્ત કા બાઈસ નહીં બાકી,
બેવારિસોં કા એક ભી વારિસ નહીં બાકી.

હઝરત કા યે કહેના હે કે ઝૈનબ ઈધર આઓ,
આ પહોંચી અજલ સર મેરી છાતી સે લગાઓ,
શબ્બીર કી ઉલ્ફત સે બસ અબ હાથ ઉઠાઓ,
ફટતા હે કલેજા મેરા આઁસૂ ના બહાઓ,
સબ સાથ હૈં પિસર કા ના ભાઈ કા દાગ હે,
ઝૈનબ મગર તુમ્હારી જુદાઈ કા દાગ હે.

રો કર હુસૈન બોલે સુનો હુક્મે ઝુલ મેનન,
જિસકા કે ભાઈ હમસા હો બેયાર બેવતન,
જાઈઝ હે આબો ગુસ્લો કફન દે ઉસે બહેન,
ભાઈ તો બહેનોં કો નહીં પહેનાતેં હૈં કફન,
ઈસ કી તો હે ઉમ્મીદ તુમ્હીં સે બહેન હમેં,
દુશ્મન રિદા ના છીને તો દેના કફન હમેં.

સાયે મેં આપકે મેરા સર હોએ બેરિદા,
દૌલત રહે બતૂલ કી ઝેવર લુટે મેરા,
દર-દર ફિરૂં મૈં, ઘર રહે આબાદ આપકા,
મેરા ગલા બંધે, ના કટે આપકા ગલા,
ઉરયાન સર હો, કૈદ હો ઔર શૌરો શૈન હો,
ઝૈનબ કો સબ કુબૂલ હે લેકિન હુસૈન હો.

ચિલ્લાને લગી રોકે યે શબ્બીર કી પ્યારી,
દેખો તો ઈધર મુડકે સકીના ગઈ વારી,
બાબા નહીં જીનેકી મૈં ફુરકત મેં તુમ્હારી,
યે તો કહો મૈદાઁ સે કબ આએગી સવારી,
બિન બાપ કી દુનિયા મેં ના કહેલાએ સકીના,
અબ લે કે બલા આપકી મર જાએ સકીના.

ઈસ આપકે જાને સે તો સાબિત હે ના આના,
ક્યૂઁ કહેતેં થે ઝૈનબ, ઉસે છાતી પે સુલાના,
બાનૂ મેરે પીછે ના સકીના કો રૂલાના,
પાની જો મયસ્સર હો તો પ્યાસ ઉસકી બુઝાના,
બહેલાઈયો જબ રોએ મેરી બાલી સકીના,
હોતી હે યતીમ આજ મેરી પ્યારી સકીના.

નન્હે સે હાથ જોડકે બોલી વો તિશ્નાકામ,
બતલાઈયે મુઝે કે યતીમી હે કિસકા નામ,
આઁખોં સે ખૂઁ બહાકે યે કહેને લગે ઈમામ,
ખુલ જાએગા યે દર્દો અલમ તુમ પે તાબા શામ,
બીબી ના પૂછો કુછ યે મુસીબત અઝીમ હે,
મર જાએ જિસકા બાપ વો બચ્ચા યતીમ હે.

આખિર કો જુદા હો કે ગએ રન મેં શહે દીં,
અફલાક સે પૈદા હુઈ આવાઝ કે અમીં,
એક કાફિરે મલઊનને દસ્તાર પટક લીં,
પત્થર જો લગા ખૂં સે જબીં શાહને ભર દી,
ધોડે પે ઝુકે શાહ કેયામત નઝર આઈ,
સુલ્તાને મદીના પે મુસીબત ઉતર આઈ.

ચલને લગે હર સિમ્ત સે ભાલે હુસૈન પર,
ટૂટે હુએ હૈં બરછીયાઁવાલે હુસૈન પર,
કાતિલ હૈં ખંજરોં કો નિકાલે હુસૈન પર,
યે દુઃખ નબી કી ગોદ કે પાલે હુસૈન પર,
કહેતે હૈં ઝાલિમોં સે તુમ્હારા ઈમામ હું,
પહેચાનો મૈં હુસૈન અલયહિસ્સલામ હું.

અહમદ કા ભી સમઝો ના નવાસા હુસૈન કો,
જાનો ના શરઓ દીં કા શનાસા હુસૈન કો,
તુમ સમઝો તીન રોઝ કા પ્યાસા હુસૈન કો,
પાની દો ઈસ ઘડી તો ઝરા સા હુસૈન કો,
ઈતના હી સમઝો કાશ કે મહેમાન હે હુસૈન,
બેકસ હે, બેવતન હે, મુસલમાન હે હુસૈન.

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**લોગો વાસ્તે ઝાહિરી સજદો છે અને તમારા વાસ્તે બાતિની રઝા છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

યારો ખુદા કે વાસ્તે મુઝકો ના અબ સતાવ,
મહેમાન કોઈ દમ કા હું પાની મુઝે પિલાવ,
અરઝો સમા લરઝતેં હૈં મુઝકો ના અબ રૂલાવ,
આખિર કોઈ કુસૂર તો અય ઝાલિમો બતાવ,
જો ફાકે કરકે મર ગયે ઉસકી કમાઈ હું,
ખૈરૂન્નિસા કા લાલ હું, ઝૈનબ કા ભાઈ હું.
જલ્લાદ સે આહિસ્તા યે શબ્બીર ને પૂછા,
તું કૌન હે સીને પે જો બેકસ કે હે બૈઠા,
વો કહેને લગા શિમ્ર મેરા નામ હે શાહા,
શેહ બોલે કે મૈં કૌન હું, તબ શિમ્ર યે બોલા,
મૈં જાનતા હું કુલ કે મદદગાર હો શબ્બીર,
પર આજ તો તુમ બેકસો બેયાર હો શબ્બીર.
તકદીરને ઝૈનબ કો યે આફત જો દિખાઈ,
સર પીટતી ખૈમે સે વો બેકસ નિકલ આઈ,
કહેતી થી કે લુટતી હે મેરી માઁ કી કમાઈ,
હોતા હે શહીદ આજ મુસાફિર મેરા ભાઈ,
રસ્તા દે અય ઝમીં મૈં ફલક કી સતાઈ હું,
મૈં અપને પ્યારે ભાઈ કો મિલને કો આઈ હું.
પહોંચી તો દેખા ભાઈ કે સીને પે શિમ્ર થા,
ચિલ્લાઈ ઠહેર જા અરે બેરહેમ ઠહેર જા,
આ લેને દે હુસૈન તલક મુઝકો એક ઝરા,
હે હે તું સીને પર મેરે ભાઈ કે ક્યૂં ચઢા,
ભાઈ કા મેરે સુખા ગલા યૂં ના કાટના,
પ્યાસે પે અય ઝાલિમ તું ઝરા રહેમ તો કરના.
અય શિમ્ર બેહવાસ યે ઝહરા કા દિલરૂબા,
ગર હો સકે જો તુઝસે તો પાની ઝરા પિલા,
મિન્નત મૈં તેરી કરતી હું અય શિમ્ર માન જા,
સચ કહેતી હું સેહ રોઝ સે પાની નહીં પીયા,
અય શિમ્ર યે મઝલૂમ ગરીબોં કા ચૈન હે,
ઈસકો ના કત્લ કર મેરા ભાઈ હુસૈન હે.
ઝાલિમને સુની એક ભી ઝૈનબકી ના રૂદાદ,
ખંજર કમર સે ખીંચકે કરને લગા બેદાદ,
બિસ્તર પે વાઁ તડપને લગે હઝરતે સજ્જાદ,
કહેતી રહી ઝૈનબ કે યે ક્યા કરતા હે જલ્લાદ,
પ્યાસે ગલે પે શિમ્ર ને ખંજર ફિરા દીયા,
સર કાટકે ભાઈ કા બહેન કો દિખા દીયા.
સર ભાઈ કા બહેનને જો દેખા કટા હુવા,
સર પીટકે વો શિમ્ર સે બોલી કે ક્યા હુવા,
સર કાટકે ભાઈ કા તેરા ક્યા ભલા હુવા,
લા દે દે મેરે ભાઈ કા યે સર કટા હુવા,
ફૈલાતી હું દામન મુઝે ઝહરા કા લાલ દે,
યે સર હુસૈન કા મેરી ઝોલી મેં ડાલ દે. ✯

## સૈ. હાતિમ મોહીયુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ (આ.કુ.)

**તારીખે ઉર્સ : ૧૯ મોહર્રમ**

વલીયે કિબ્રિયા હાતિમ, શહે હર દો સરા હાતિમ,
જહાઁ મેં બેકસોં કે હો તુમ્હીં હાજિતરવાઁ હાતિમ,
ગરીબોં કા સહારા હો, દોઆઓં કા વસીલા હો,
તુમ્હીં હો મુમિનોં કે ખલ્ક મેં મુશ્કિલકુશા હાતિમ.
મસાઈબ દૂર ભાગે ટલ ગઈ સર સે બલા ફૌરન,
મુસીબત મેં તુમ્હારા નામ જિસને લે લિયા હાતિમ.
દુરે મકસૂદ સે ભર દી હે ઝોલી તુમને સાઈલ કી,
તુમ્હારે દર સે હાજિતમંદ કબ ખાલી ફિરા હાતિમ.
ખુદા કે વાસ્તે અબ નઝરે રહેમત હમ પે ફરમાવો,
પરેશાની મેં મિલ જાએ તુમ્હારા આસરા હાતિમ.
સખીયુલ અસ્ખિયા, અય ખાસએ રબ આબિદો ઝાહિદ,
દોઆતે હક્ક મેં આઅલા હે તુમ્હારા મરતબા હાતિમ.
બલા હો સબ કી રદ આકે અલી મૌલા કે સદકે મેં,
તેરી મજલિસ મેં હમ સબ માંગતે હૈં યે દોઆ હાતિમ.
ઝિયારત કરબલા કી હો, નજફ આખોં સે દિખલા દો,
યહીં હે મુમિનોં કી આખરી એક ઈલ્તેજા હાતિમ. ✯

**લોગો વાસ્તે ઝાહિરી રોઝું છે અને તમારા વાસ્તે બાતિની સબર છે.**

જી ભરકે કરલો મુમિનો માતમ હુસૈન કા,
છોડેગા હરએક ગમ એ હમેં ગમ હુસૈન કા,
ઝખ્મે જિગર કે દર્દ કો ઝખ્મી સે પૂછીએ,
ભર દેગા હરએક ઝખ્મ યે મરહમ હુસૈન કા.
જાગીર મીલેગી ઉસે જન્નત કી બિલ યકીન,
નિકલેગા અશ્ક, ચશ્મ સે જિસ દમ હુસૈન કા,
રખ્ખી ખુદાને શમ્એ ઇમામત જલી હુઇ,
બીમારે કરબલા હુવા આદમ હુસૈન કા,
સબરો રઝાઓ શુક્ર કા હમકો હે મિલા દર્સ,
છોડા જો ઇસકો હુવેગા સર ખમ હુસૈન કા,
દિલ કો નહીં સુકૂન બગૈરે ગમે હુસૈન,
હર દિન હમારા અબ હે મોહર્રમ હુસૈન કા,
મિલતી હે શિફા મર્ઝ મેં ઝમઝમ કે પાની સે,
કરબલા કી ખાક બન ગઇ ઝમઝમ હુસૈન કા,
જો ભી બલંદ હોતા હે ગિરતા હે વો એક દિન,
કાઇમ રહેગા ઔજ પે પરચમ હુસૈન કા,
રોતા નહીં જો સુનકે ગમે શાહ હે પત્થર,
રો દેતા હે વો હી જો હે હમદમ હુસૈન કા,
મૌલા ઝકીયુદ્દીન હૈં દાઇ હુસૈન કે,
તાહશ્ર હોગા નામ મુઅઝ્ઝમ હુસૈન કા,
અન્વર તુઝે હુસૈન કી ખિદમત અતા હુઇ,
બન પાયા હે તું ઇસસે મુકર્રમ હુસૈન કા. ☆


## તિજારત

# નૂરભાઈ કેટરર્સ એન્ડ સ્વીટસ

**અમારા ત્યાં નીચે મુજબના ઓર્ડર લેવામાં આવશે.**
**ચોખ્ખો સામાન, વ્યાજબી ભાવ અને સ્વાદિષ્ટ....**
દરેક પ્રસંગના જમણ, વડાનું ખીરૂં, ફાતેહાની ખીર-મલીદો
મીઠાઇમાં કોપરા પાક, ડ્રાયફ્રૂટ હલવો, મેંગો બરફી,
ગુંદર પાક, વિગેરે.
હોમ ડિલીવરી કરવામાં આવશે.

**મો.: ૯૭૨૪૬૧૫૫૫૭ (બદરૂદ્દીન રંગવાલા)**
**મો.: ૮૪૬૯૬૮૦૩૦૮ (સુલતાના કોઠીવાલા)** ☆

## તિજારત

યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

# ભાઇસાહેબ ઇબ્રાહીમ

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

# ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર
# " ઝૈબાઇશ "

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆

# એ-વન બ્યુટી પાર્લર

**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, ક્લીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**
૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ,
રામપાર્ક, આજવા રોડ, વડોદરા.
**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ☆

# મકાન વેચવાનું છે

**ફુલ્લી - ફરનિશ્ડ, બહેતર ફર્નિચરવાલું, તૈયાર મકાન**
ફ્લેટ નં. ૩૦૧, બાગે તૈબા એપાર્ટમેન્ટ,
ત્રીજો માળ, આગળનું મકાન, હુસેની ચોક,
બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
**મો.: ૯૯૯૮૨૭૩૦૫૦ / ૯૬૦૧૧૬૮૮૧૨.** ☆


## પર

ઇસ્લામ કો શબ્બીર સા રહેબર ના મિલેગા,
સર દે કે જો કામ આએ વો સરવર ના મિલેગા,
અલ્લાહ કી તલવાર, યદુલ્લાહ કી ઝરબત,
જિબરીલ સંભલ જાઓ નયા "પર" ના મિલેગા.

**લોગો વાસ્તે ઝાહિરી જમન છે અને તમારા વાસ્તે બાતિની શુક્ર છે.**

## મિશ્કાતુલ હાદી
### ૧૮ મી સાલગિરહ

ઈલ્મ કા શહેર, મોહંમદ કી હસીં ઝાત મેં હે,
ઈલ્મ કા બાબ, અલી મૌલા કી બરકાત મેં હે,
ઈલ્મ અસ્હાબ કી બખ્શી હુઈ સૌગાત મેં હે,
ઈલ્મ કી શાન, ઈમામત કે ખયાલાત મેં હે,
ઈલ્મ હી ફાતેમા ઝહરા કે હે ઘર કી ઝીનત,
ઈલ્મ હી હોતા હે હસનૈન કે ઘર કી દૌલત.

---

અસ્રારે રૂમૂઝાત કા કાશિફ મિશ્કાતુલ હાદી,
બિલકુલ નહીં તાગૂત સે ખાઈફ મિશ્કાતુલ હાદી,
હક્કગોઈ ઔર બેબાકી હે પહેચાન ઈસકી,
કાનૂને સફાહત સે હે વાકિફ મિશ્કાતુલ હાદી.

---

| | |
|---|---|
| રૂમુઝાત : ઈશારા | તાગૂત : કાફિર લોગો |
| ખાઈફ : ખૌફ રાખનાર | હક્કગોઈ : હક્ક બોલવું |
| બેબાકી : નિડરતા | સફાહત : લિખવાનું ફન |

---

જો હે પૈગામે પયમ્બર વો હે પૈગામે હુસૈન,
આઓ હાથોં મેં ઉઠા લેં બઢકે હમ જામે હુસૈન,
જો હે ઈસ્લામે પયમ્બર વો હે ઈસ્લામે હુસૈન,
ફિર ગિરાં લગતા હે ક્યું દુનિયા કો યે નામે હુસૈન,
જામે કૌસર પાયેંગે હમ શાહે તિશ્નાકામ સે,
યે સબક હમકો મિલા હે બાનીએ ઈસ્લામ સે. ✩

**લોગો વાસ્તે ઝાહિરી કિરાતે કલામુલ્લાહ છે અને તમારા વાસ્તે બાતિની મદદે ઔલિયાઉલ્લાહ (અ.સ.) છે.**

## અશ્આર

મજલિસ મેં બડે શૌક સે આતેં હૈં મુમેનીન,
આઁસૂ ગમે સરવર મેં બહાતેં હૈં મુમેનીન,
કહેતા હે યે દરવાઝે પા દારોગએ જન્નત,
હટ જાઓ કે ફિરદૌસ મેં આતેં હૈં મુમેનીન. ✩

------

ઈસ્લામ લા ચુકે હૈં મગર જાનતેં નહીં,
કુરઆઁ કો હિફ્ઝ કરતેં હૈં પર માનતેં નહીં,
શયદાઈ બનતેં હૈં યે ખુદાઓ રસૂલ કે,
લેકિન હસન-હુસૈન કો પહેચાનતેં નહીં. ✩

## કુરઆન

આશૂર કો મકતલ મેં ઈમાન નઝર આયા,
તલવારોં કે સાયે મેં કુરઆન નઝર આયા,
લાશા અલી અકબર કા જબ લે કે ચલે મૌલા,
કુરઆન કી ગોદી મેં કુરઆન નઝર આયા. ✩

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** શૈખ ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.